# જાહેરાત

# રાજકોટ મહાનગરપાલિકા

જાહેરાત ક્રમાંક : ૦૪/ ૨૦૧૭

જુનિયર પ્રોગ્રામરની જગ્યા ભરવા માટે કેટેગરી વાઈઝ ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.rmc.gov.in પર તા.૧૧/૦૯/૨૦૧૭ થી તા.૨૫/૦૯/૨૦૧૭ સુધીમાં લોગઇન કરી અરજી કરવાની રહેશે. ઓનલાઈન ફી ભરવાની છેલ્લી તા.૨૫/૦૯/૨૦૧૭ સુધીની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ. | બિનઅનામત (સામાન્ય) | અનુ. જાતી | અનુ. જન જાતી | સા.શૈ.પ. |
| ૧ | જુનિયર પ્રોગ્રામર | ૫ | ૪ | - | - | ૧ | ૧ | - | - | - |
| કુલ | | ૫ | ૪ | - | - | ૧ | ૧ | - | - | - |

## શૈક્ષણિક લાયકાત અને પગારધોરણ :

| | |
|---|---|
| જુનિયર પ્રોગ્રામર વર્ગ-૩ | **લાયકાત** :-માન્ય યુનીવર્સીટીના બી.ઈ. (કોમ્પ્યુટર/આઈ.ટી.) અથવા બી.ટેક. (કોમ્પ્યુટર/ આઈ.ટી.) અથવા એમ.સી.એ.<br>SQL ની સાથે અન્ય ૨ પ્રોગ્રામીંગ લેન્ગ્વેજની જાણકારી હોવી અનિવાર્ય છે.<br>**અનુભવ** ન્યુનત્તમ ૨(બે) વર્ષ |
| પગારધોરણ અને વય મર્યાદા | ત્રણ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૩૧૩૪૦/- અને ત્રણ વર્ષની સંતોષકારક સેવા બાદ લેવલ-૫, પે-મેટ્રિક્સ રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦ (સાતમાં પગારપંચ)<br>૧૮ વર્ષથી ૩૦ વર્ષ |

## કોમ્પ્યુટર વિષયક લાયકાત:

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના સામાન્ય નિયમો-૧૯૬૭ ના નિયમ-૮(૧એ) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર એપ્લીકેશનનું મૂળભૂત જ્ઞાન ધરાવતા હોવાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક :સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫. સાથેના પત્રક-૧ માં દર્શાવેલ અભ્યાસક્રમને કોમ્પ્યુટરનાં બેઝીક નોલેજ તરીકે જાહેર કરેલ છે. આ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર વિષયકની જાણકારી અંગેનું માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર માન્ય રહેશે. વધુમાં માન્ય યુનીવર્સીટી અથવા સરકાર માન્ય સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમાં ડીગ્રી કે સર્ટિફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિપ્લોમાં કે ડીગ્રી અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો માન્ય રહેશે આ પ્રકારની લાયકાત ન ધરાવતા ઉમેદવારો

નિમણુંકને પાત્ર બનશે નહિ. ઉમેદવાર ગુજરાતી અને હિન્દીનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**નાગરિકત્વ:**

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર (ક) ભારતનો નાગરિક અથવા (ખ) નેપાળનો પ્રજાજન (ગ) ભૂતાનનો પ્રજાજન અથવા(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૦૧/૦૧/૧૯૬૨ પહેલા ભારતમાં આવેલા તિબેટના નિર્વાસિત અથવા (ચ) પાકિસ્તાન, બર્મા,શ્રીલંકા અને પૂર્વ આફ્રિકાના દેશો- કેન્યા, યુગાન્ડા, વિયેતનામ, ઝામ્બીયા, મલાવી, ઝેર, ઇથોપિયા, યુનાઈટેડ, રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયાના, દેશોમાંથી સ્થળાંતર કરી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી આવેલ ભારતીય વ્યક્તિ, પરંતુ  (ખ) થી (ચ) સુધીના પ્રકારમાની વ્યક્તિઓ ગુજરાત સરકાર પાસેથી પાત્રતા પ્રમાણપત્ર મેળવ્યું હોય તો જ નિમણુંક માટે પાત્ર બનશે.

**ઉમર અને તેમાં છૂટછાટ:**

(૧) અરજી લોગ ઓન કરવાની છેલ્લી તા. ૨૫/૦૯/૨૦૧૭ ના રોજ ૧૮ વર્ષ પુરા કરેલ હોવા જોઈએ અને ૩૦ વર્ષ પુરા કરેલ ન હોવા જોઈએ (૨) ઉમર અરજી લોગ ઓન કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે (૩) ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે. ૩(૧) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જન જાતિ.,અને સા.શૈ.પ.વર્ગના પુરૂષ ઉમેદવાર-૫ વર્ષ , ૩(૨)બિન અનામત વર્ગોના મહિલા ઉમેદવાર-૫ વર્ષ, ૩(૩) મૂળ ગુજરાતના અનુ.જન જાતિ.,અને સા.શૈ.પ.વર્ગના મહિલા ઉમેદવાર-૧૦ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છુટછાટ જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થઇ જાય છે.(૪) રાજકોટ મહાનગરપાલિકા કર્મચારીઓને વયમર્યાદામાં બાધ રહેશે નહિ. (૫) જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કક્ષાના મૂળ ગુજરાતના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે (૬) અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામતની જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ (૭) બિનઅનામત તથા અનામત વર્ગોનાં મહિલા ઉમેદવારોને જ.બો.ઠરાવ નંબર-૦૩, તા.૧૮/૦૪/૨૦૧૬ ના ઠરાવ મુજબ વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

**સામાન્ય શરતો :**

- અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ અને સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોને જ મળશે. અરજી કર્યા બાદ પરત ખેચી શકાશે નહિ. **ઉમેદવારે અરજીપત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈપણ તબક્કે રદ્દ કરવામાં આવશે**

તથા તેને લાયકીધોરણ(Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ્દ ગણાશે. ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

- રાજકોટ મહાનગરપાલિકાની જાહેરાત સંદર્ભમાં મહાનગરપાલિકાના કર્મચારી બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહી આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.
- ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે કે બિનઅનામત કક્ષામાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઈન અરજી કર્યા બાદ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ CASTE/CATEGORY માં કોઈપણ જાતનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહી કે તેનો કોઈ પ્રત્યુત્તર  રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવશે નહિ ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.
- ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઈ ઉમેદવાર રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણનાં પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
- ઉમેદવારે અરજી પત્રકમાં કોઈપણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/ નિમણુંક કોઈપણ તબક્કે રદ્દ કરવામાં આવશે.
- ઉમેદવારોની અરજીની સંખ્યાને ધ્યાને લઇ ભરતી પ્રક્રિયા બાબતે સક્ષમ અધિકારી દ્વારા શોર્ટલિસ્ટેડ થયેલ ઉમેદવારોને જ ફક્ત પ્રથમ તબક્કે પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી માટે બોલાવવામાં આવશે. આ બાબતે કોઈ કોર્ટ, દાવા, તકરાર ચાલશે નહિ.
- ઉમેદવારોને ઓનલાઈન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઈ સૂચના માટે www.rmc.gov.in વેબસાઈટ સતત જોતા રહેવા અનુરોધ છે.
- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯/૦૨/૧૯૯૬ નાં ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક નાં નમૂનામાં નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭ નું તા.૦૧/૦૪/૨૦૧૭ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ્દ ગણવામાં આવશે.
- ઉમેદવારોની આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ નિમણુંક અધિકારી દ્વારા ઉમેદવારોના મેરીટ ક્રમાંક નિયત કરવા અંગેની ઉચિત કાર્યપ્રણાલી અનુસરીને પસંદગી કરવામાં આવશે.

- જુનિયર પ્રોગ્રામર વર્ગ-૩ ની જગ્યા અત્રેના સ્થાયી સમિતિ દ્વારા મંજુરી આપવામાં આવેલ છે આ જગ્યા રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા ની મંજૂરીની અપેક્ષાએ ભરવામાં આવશે.
- જુનિયર પ્રોગ્રામર વર્ગ-૩ ની જગ્યાનું પગારધોરણ ત્રણ વર્ષ માટે ફિક્સ પગાર રૂ.૩૧૩૪૦/- અને ત્રણ વર્ષની સંતોષકારક સેવા બાદ લેવલ-૫, પે-મેટ્રિક્સ રૂ.૨૯૨૦૦-૯૨૩૦૦ (સાતમાં પગારપંચ) મુજબનું રહેશે.

**અરજી ફી** :

- બિનઅનામત(સામાન્ય) કેટેગરીના પૂરૂષ તથા મહિલા ઉમેદવારો માટે રૂ.૧૦૦/- (એક સો પુરા) અરજી ફી તરીકે ભરવાના રહેશે જ્યારે અનુ.જાતી, અનુ.જન જાતી,સા.શૈ.પ.ના ઉમેદવારો માટે રૂ.૫૦/-(પચાસ) અરજી ફી તરીકે ભરવાના રહેશે. આ અરજી ફી માત્ર અને માત્ર ઓનલાઈન/નેટ બેન્કિંગથી જ સ્વીકારવામાં આવશે. અરજી ફી ભર્યા બાદ ઉમેદવારે પોતાનો અરજી નં. તથા ટ્રાન્ઝેક્શન આઈ.ડી.સાચવી રાખવાના રહેશે. અરજી ફી ભર્યા બાદ રીફંડ આપવામાં આવશે નહિ. ફી ભર્યા વગરની અરજી રદ્દ થવા પાત્ર રહેશે. અરજી ફી ન ભરનાર ઉમેદવારને કોઈ પણ પ્રકારની લેખિત પરીક્ષા/સ્ક્રીનિંગ ટેસ્ટ/મૌખિક ઇન્ટરવ્યુ પૈકી નિમણુંક અધિકારી દ્વારા જે કાર્યપદ્ધતિ નિયત કરવામાં આવશે તેમાં બેસવા દેવામાં આવશે નહિ.

**પરીક્ષા/સિલેબસ**:

- પરીક્ષાની તારીખ/સિલેબસની જાણકારી રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ www.rmc.gov.in પર કરવામાં આવશે.

સહી : બી.એન.પાની
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા